


## સલામી સવારની..

*વધશે ફી નાં ફિતૂર, શિક્ષણનો ઘંટ વાગશે,*
*જશે ખાનગી હાથોમાં, ગરીબોનો ઘંટ વાગશે,*
*સરકારી શાળાનો વાગે મૃત્યુઘંટ પરિણામોથી -*
*સૂની શાળામાં, ભેંકાર હાજરીનો ઘંટ વાગસે!*

*સરકારને,*
*ન્હાવું ન નિચોવવું!*
*ઘી અને કેળાં...*
*(ખાનગીકરણ)*

*સ્ટેશનરીમાં*
*મોંઘવારીના ભાવે*
*વાગશે ઘંટ*
*(નોટ-ચોપડા-પુસ્તકો)*

## ચિંતન

### કુલાનુરૂપં વૃત્તમ્

આ ચાણક્ય સૂત્રમાંથી લેવાયેલ શ્લોક છે.

પોતાના ચારિત્ર્ય (આચરણ) થી જ યશસ્વી પુરુષે કુળની મર્યાદાની રક્ષા કરવી જોઈએ. જ્ઞાની સમાજ જે મનુષ્યોનું કુળ છે, એટલું જ નહિં, એ રાષ્ટ્રની રાજશક્તિનો નિર્માતા છે. આથી, પ્રત્યેક વ્યક્તિએ આકુળનું અભિમાન સેવવું જોઈએ, અમે એમના અનુસાર ચારિત્ર્ય ઘડવું જોઈએ, આચરણ કરવું જોઈએ. અસભ્ય આચરણ મનુષ્યના નીચ કુળની સાહેદી પૂરે છે.

પ્રાચીનકાળથી આપણા વેદ-શાસ્ત્રોમાં બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય-શુદ્રના વર્ણ વિભાગ છે અને તેમના કુલાચાર પ્રમાણે કર્મો પણ નિયત હતાં આજના જમાનામાં સંજોગાનુસાર એના અમલીકરણમાં તફાવત હોઈ શકે.

દાત. બ્રાહ્મણ, શિક્ષક-પ્રોફેસર બની વિદ્યાદાન કરે કે ક્ષત્રિય 'સેના'માં સેવા આપે. આમ વ્યક્તિએ કુલાચાર પાળવા-નિભાવવા જોઈએ.

## સુવિચાર

- સત્ય ભાગ્યે જ સ્વચ્છ હોય છે અને સરળ તો કદી જ નથી હોતું - **ઓસ્કાર વાઈલ્ડ**
- કીર્તિ આગિયાની જેમ દૂરથી ચમકતી દેખાય છે પણ પાસે જઈને જોતાં એમાં નથી હોતી ગરમી કે નથી હોતો પ્રકાશ - **ચંદ્રકાન્ત બક્ષી**
- શ્રદ્ધાનું પ્રેરક કાર્ય છે કે મનુષ્ય પોતે નક્કી કરે કે તે પરમાત્મા નથી - **ઓલિવર લેડલ**
- આપવાનો વૈભવ જાણવા માટે માણસે ગરીબ થવું જોઈએ - **સંત રોબિન**
- સલાહ દિવેલ જેવી છે, આપવી બહુ સહેલી છે, પણ લેવી બહુ અઘરી છે - **જન્મભૂમિ**
- પ્રત્યેક દલિલ પાછળ કોઈકનું અજ્ઞાન રહેલું છે - **સાધુ વાસવાણી**
- આજનું ઔષધ : શ્વાસ ચડતા દર્દીને એળિયો અને ગોળની ગોળી બનાવી આપવાથી શ્વાસ શાંત પડે છે

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

સંત-ગુરુ-સજ્જન બીજાના દોષ-ગુન્હા પોતાના પર લઈ શિષ્યો-ભક્તોનો બચાવ કરતા હોય - સ્વામી રામકૃષ્ણ પરમહંસના આ પ્રાકરના કેટલાય પ્રસંગો પ્રચલિત છે...

શિવાજીના ગુરુ રામદાસ શિષ્યમંડળ સાથે શિવાજીને મળવા જતા હતા. રસ્તામાં આંબાવાડી આવી. શિષ્યોએ કેરી ચૂંટી ખેડૂતનું નૂકશાન કર્યું. ખેડૂત તેમની પાછળ દોડ્યો - શિષ્યો નાશી છૂપાઈ ગયા. સ્વામી રામદાસ અજાણપણે ત્યાં જ બેઠા હતા. ખેડૂતે તેની પીઠ પર સબાસબ સોટી મારી. બધી વાત કહી - સ્વામીએ શિષ્યો વતી માફી માગી.

બીજી સવારે ગુરુ સ્નાન કરવા બેઠા ત્યારે શિવાજીએ ગુરુજીની પીઠ પર સોટીના લીસોટા જોયા આખી વાત સાંભળી - ખેડૂતને બોલાવવામાં આવ્યો.

શિવાજીએ - ગુરુ સ્વામી રામદાસને પૂછ્યું આ ખેડૂતને આપ કહો તે સજા કરું.

ગુરુજી કહે - વાંક આપણાં જ બાળકોનો હતો. આ ખેડૂતને તેની નૂકસાની આપીને વિદાય કરો.

# શાળા શિક્ષણમાંથી સેમેસ્ટર સિસ્ટમની નાબૂદી આવકારપાત્ર

## તંત્રીસ્થાનેથી...

આખરે ગુજરાત સરકારને મોદીરાજ દરમિયાન લાગુ કરાયેલી શાળાશિક્ષણની સેમેસ્ટર પદ્ધતિ નાબૂદ કરવી પડી છે. ૨૦૧૧-૧૨માં ધોરણ-૯થી ધોરણ-૧૨માં અમલી બનાવાયેલ આ પરીક્ષા પદ્ધતિને લીધે બાળકો પર આખું વરસ પરીક્ષાનો બોજ હ્યા કરતો હતો. સેમેસ્ટર પદ્ધતિની ભલામણ કરનારી સુધીર માંકડના વડપણવાળી કમિટીએ વિદ્યાર્થીઓ પર આખું વરસ બધું જ યાદ રાખવાનું ભારણ ન રહે તેવા આશયથી દર છ મહિને પરીક્ષા લઈ એમને નવા વિષયોની તૈયારી કરવાની સુવિધા કરી આપી હતી. ધો.૧૧-૧૨ માટે આ સેમેસ્ટર પદ્ધતિ ખૂબ ખર્ચાળ અને માથાનો દુખાવો બની ગઈ હતી. ટ્યૂશન ફીમાં બેશુમાર વધારો થતાં વિદ્યાર્થીઓ અને વાલીઓ પર બોજ વધી ગયો એટલું જ નહીં, દર છ મહિને પરીક્ષાનું ભૂત માથા પર ઝળૂંબતું રહેતું એથી ઘરમાં બાળક અને વાલી બેઉ તણાવની સ્થિતિમાં રહ્યા કરતા હતા. આખરે વાલીઓ અને શિક્ષકો તરફથી સેમેસ્ટર પદ્ધતિ રદ કરવાની સતત ભલામણો સરકારને સ્વીકારવી પડી છે. શાળાઓ ઊઘડતાં પહેલાં જ દિવસે શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ હવે પછી જૂની વાર્ષિક પરીક્ષા પદ્ધતિ અમલી બનશે એવી જાહેરાત કરી છે. આથી અગિયારમા ધોરણનું મહત્ત્વ એકદમ ઘટી જશે અને અગાઉની જેમ ધો.૧૦ અને ધો.૧૨ની બોર્ડની પરીક્ષાઓ જ મહત્ત્વની બની રહેશે. ટ્યૂશનિયા શિક્ષકોની 'રોકડી' પર જરુર અસર થશે કારણ કે અગિયારમા ધોરણનું મહત્ત્વ ઘટી જતાં હવે બાળકો બારમા ધોરણ પૂરતાં જ વધારે ગંભીર રહેશે. ખરું જોતાં સેમેસ્ટર સિસ્ટમ આપણી શિક્ષણ વ્યવસ્થાને અનુકૂળ હતી જ નહીં. બાળકો સતત ટેન્શનમાં રહે અને બારેમાસ ગોખણપટ્ટી ચાલુ રહે એથી એમનાં સર્વાંગી - મુક્ત વિકાસ પણ પણ પ્રતિકૂળ અસર પડતી હતી. વળી જેનું બાળક બારણા ધોરણની બોર્ડની પરીક્ષા આપવાનું હોય એના ઘરમાં સળંગ બે વરસ સન્નાટો છવાયેલો રહેતો. આ પરિસ્થિતિ એટલી હદે વણસી હતી કે માતાપિતા પોતે પણ જાણે પરીક્ષામા બેસવાનું હોય એવું ટેન્શન અનુભવતાં. સારી અને ઊંચી ટકાવારી લાવી આપનારી શાળાઓનો રાફડો ફાટ્યો છે, તેની પાછળ પણ આ સેમેસ્ટર સિસ્ટમનો સિંહફાળો છે. શિક્ષણ એક મસમોટા ઉદ્યોગધંધામાં ફેરવાઈ ગયું છે. આખરે ફરી એક વાર શિક્ષિકા મુખ્યમંત્રીએ જૂનું એટલું સોનું-વાળા સૂત્ર મુજબ વાર્ષિક પરીક્ષા પદ્ધતિને અનુસરવાનો હુકમ કરતાં વિદ્યાર્થીજગતમાં ભારે રાહત પ્રવર્તશે એમાં શંકાને સ્થાન નથી. સાથે જ મેડિકલ અને ડેન્ટલ કૉલેજોમાં પ્રવેશવા માટે કેન્દ્ર દ્વારા 'નીટ' ફરજિયાત કરતાં એ પરીક્ષા પણ માતૃભાષામાં આપી શકાશે, એવી જાહેરાત કરીને શિક્ષણમંત્રીએ વિદ્યાર્થી આલમમાં ફેલાઈ ગયેલી અસલામતીની લાગણી દૂર કરવાનો પ્રયાસ કર્યો છે. 'નીટ'માં ગુજરાતના વિદ્યાર્થીઓ સારો દેખાવ કરી શકે તે માટે અભ્યાસક્રમમાં આંશિક ફેરફાર કરાવો પડશે, જેમાં પ્રાણીશાસ્ત્ર અને વનસ્પતિશાસ્ત્રના વિષયોમાં ૨૦ટકા જેટલો પુરવણી અભ્યાસક્રમ ઉમેરવાની જરુર પડશે. ઈજનેરી કૉલેજો માટે ગુજસેટ દાખલ કરી પ્રવેશ વધુ સરળ બનાવાશે. આમ ઊઘડતી શાળાએ જ આનંદીબેનની સરકારે વિદ્યાર્થીઓ માટે ઘણી રાહતો જાહેર કરતાં વિદ્યાર્થીઓ અને વાલીઓમાં સંતોષની લાગણી પ્રવર્તશે, એમાં શંકાને સ્થાન નથી. કૉલેજમાં પણ સેમેસ્ટર પદ્ધતિ મહદંશે નિષ્ફળ નિવડી છે. એની સામે પણ ઝુંબેશ શરૂ થવાની શક્યતા નકારી શકાય એમ નથી. શિક્ષણ વિદ્યાર્થીની આંતરિક શક્તિઓને બહાર આણવાને બદલે ભારણરુપ નીવડે છે ત્યારે એ શિક્ષણ નથી રહેતું પરંતુ અત્યાચાર બની રહે છે. આપણા શિક્ષણવિદો, તંત્રવાહકોઅને નેતાઓ આટલું સમજે તે જરુરી છે.

# બાળકો અંગે સહચિંતન અને આત્મચિંતન




મેનેજમેન્ટ મમી સ્ટિફન કૉવે સમયાવકાશને અને જીવનની સફળતાને બે પ્રતિકોનો સહારો લઈ સમજાવે છે. : 'જીવનમાં આપણા માટે ખૂબ અગત્યની હોય તેવી બાબતોને અગ્રતા આપવામાં પડતી મુશ્કેલી આપણે બે ઉપકરણોના રૂપકથી સરસ રીતે સમજી શકીએ. એ બે ઉપકરણો છે : ઘડિયાળ અને હોકાયંત્ર યાને દિશાસૂચક યંત્ર. ઘડિયાર આપણી પ્રતિબદ્ધતા, ઍપોઈન્ટમેંટ, કાર્યક્રમ, ધ્યેય,પ્રવૃત્તિ અને રોજિંદી ઘટમાળનું પ્રતિક છે. આપણે આપણા જીવનાવકાશને કઈ રીતે પસાર કરીએ છીએ તેનું પ્રતિક ઘડીયાર છે.

હોકાયંત્ર આપણી દ્રષ્ટિ, આપણા મૂલ્યો,સિદ્ધાંતો, આંતરિક સત્વ અને દિશાનું પ્રતિક છે. જીવનાવકાશને આપણે કઈ દિશામાં દોરીએ તેનું પ્રતિક છે. સંઘર્ષ ત્યારે આવે છે કે જ્યારે એ બે વચ્ચે અંતર પડી જાય છે. જે બાબતોમાં આપણે સમય પસાર કરીએ છીએ,તે બાબતો આપણા જીવનની પ્રાયોરીટીમાં આવતી નથી. સફળતાને આપણે પૈસા અને કારકિદીના સંદર્ભે જ માપતા રહ્યાં છીએ. ઘડીયાર આપણને સફળતા તરફ લઈ જાય છે, જ્યારે હોકાયંત્ર આપણને સાર્થકતા તરફ લઈ જાય છે.

જીવનની ધાર બરાબર કાઢેલી હોય તો જીવનમાં હાર નાકામિયાબ રહેશે. જીવનની ધાર કાઢવાનું જૂનું અને જાણીતું શસ્ત્ર હોય તો તે છે શિક્ષણ. પણ, પંખીને ઉડવાનો અને બાળકને મહાલવાનો માહોલ ન મળે તો ... તે પંખી અને બાળક પણ પીંઝરે પુરાયેલા જ જાણવા. આચાર્ય રજનીશે પોતાના એક વ્યાખ્યાનમાં આપેલું દ્રષ્ટાંત નોંધવું જરૂરી છે. અમેરિકામાં મૂલ્યશિક્ષણ ચર્ચને હવાલે કરવામાં આવ્યું છે. આવા એક ચર્ચમાં ધર્મગુરુ મારફત મૂલ્યશિક્ષણ આપવામાં આવતું હતું. ધર્મગુરુએ સૂચવ્યું કે 'સ્વર્ગમાં દાખલ થવા માટે નાનપણથી જ સારા, ભલાઈના કામો કરવા જોઈએ.જેવા કે અન્ધજનને રસ્તો પાર કરાવવો,બળતા ઘર પર પાણી છાંટવું ... વગેરે.'

બીજા દિવસે બાળકોને પૂછવામાં આવ્યું 'તમારામાંથી કોણ કોણ ભલાઈનું કામ કરીને આવ્યું ' એક બાળકે કહ્યું 'મેં એક અંધજનને રસ્તો પાર કરાવ્યો.' બીજા બાળકે કહ્યું, 'મેં એક અંધજનને રસ્તો પાર કરાવ્યો.' ત્રીજા બાળકે કહ્યું, 'મેં એક પણ અંધજનને રસ્તો પાર કરાવ્યો.' ધર્મગુરુને નવાઈ લાગી તેમણે પૂછ્યું 'તમે ત્રણેય બાળકોએ એક જ સરખું કામ કર્યું. 'ત્રણેય બાળકોએ જવાબ આપ્યો 'ફાધર, એ અંધજનને રસ્તો પાર નહોતો કરવો પણ અમારે સ્વર્ગમાં જવું છે ને તેથી તેને અમે પકડીને વારાફરથી એક જ રસ્તો પાર કરાવ્યો'. ધર્મગુરુ આ સાંભળી સ્તબ્ધ થઇ ગયા. તેમણે બાળકોને કહ્યું, 'એ તો સારું થયું કે તમે બળજબરીથી માત્ર અંધજનને રસ્તો જ પાર કરાવ્યો, તમે તો ભલાઈનું કામ કરવા કોઈનાં ઘરને આગ લગાડીને પાણી છાંટવાનું કામ કરો એમ જ ને.'

બાળક એટલે નાનકડા શરીરમાં આવીને વસેલા મોટા... ભગવાન. તેની આંખો આગળ તો મૂર્તિની આંખો પણ પાણી ભરે, તેની ચપળતામાં તો જાણે વિશ્વનિયંતાની પગલીઓ, તેનો કાલોકાલો અવાજ એટલે નદીઓનો કલશોર. જેના વિના આપણે રહી નથી શકતા, ટકી નથી શકતા, જેના વિશે રોજ નવા સ્વપ્નો જોઈએ છીએ.

આખા ઘરમાં સૌથી મોટી જણસ એવા આપણા બાળકોને આપણે કેટલો પ્રેમ કરીએ છીએ તેની કોઈ સાબિતી હોઈ શકે ખરી બસ ખાસ કંઇ નહિ, તેની સાથે ખુલ્લા દિલે અને તેની સન્મુખ ખુલ્લી આંખોએ કેટલી ક્ષણો ગાળીએ છીએ; તેના પર આધારીત છે. વેકેશન શિબિરોનો કાફલામાં માતાપિતા બાળકને મુકીને આવતા મલકાતા-મલકાતા આવે છે અને વિચારે છે કે મારી દિકરી કેટલું શીખીને આવશે માતાના ધાવણની બદલીમાં જેમ કંઇ ન ચાલે તેમ તેના આંતરિક વિકાસમાં માતા-પિતા બન્ને ની સમાન જવાબદારી છે. જોવા જઈએ તો બાળકની વેકેશનની પાઠશાળા ઘરથી જ શરૂ થાય અને ઘરમાં જ પુરી થાય.

આઈઝેક ન્યૂટનનાં ઘેટાં જ્યારે ખોવાઈ જતાં અને તેનાં ઢોર બીજાના ખેતરનો પાક ખૂંદી નાખતાં ત્યારે તે પોતે કાં તો ચોપડી વાંચતા, કોઇ પ્રયોગ કરતા,,પોતાની બનાવેલી પાણીની ચક્કીની દેખરેખ રાખતા, અથવા પાસેના પાણીના ઝરામાંથી પિચકારી છોડતા અને તેમાંથી બનતા ઈન્દ્રધનુષને માણતા. આ પરથી તેઓની માતાને ખાતરી થઈ ગઈ કે, ખેતી કરવા માટે પોતાના દિકરાનું નિર્માણ થયું નથી. તેઓએ ન્યૂટનની પ્રકૃતિ અને આવડતને ઓળખીને તેને વિકસાવવામાં મદદરૂપ થયાં, છેવટે લોકોની નજરમાં તોફાની અને બેદરકાર લાગતો છોકરો બન્યો, સર આઈઝેક ન્યૂટન!

**અનુસંધાન પાના નં. ૭ પર**

# શિલ્પાના ચહેરા પર સુરખી છવાઈ ગઈ, ઉદાસીનતાનાં વાદળો વિખરાવા લાગ્યા, જીવનમાં ઉજાસની સાથે સ્પંદન અને આત્મીયતાની સુગંધ આખા ઘરમાં પ્રસરી રહી




શિલ્પાના માતાપિતા આજ ખુબ ખુશ હતા. ખુશ થવા જેવું જ હતું. કેમ કે આજે શિલ્પાનો સંબંધ નક્કી થઈ ગયો હતો. પરંતુ ખુશીનું કારણ માત્ર શિલ્પાનો સંબંધ નક્કી થયો એ જ નહોતું. પરંતુ પોતાનાથી ઊંચા કુટુંબમાં શિલ્પાનો સંબંધ થયો તે માતાપિતા માટે ખુશીનું સૌથી મોટું કારણ હતું. છોકરાવાળા બહુ મોટા બિઝનેશમેન હતા. વળી સૌથી મોટી વાત એ પણ હતી કે તેમને ખાસ કોઈ ડિમાંડ કરી ન હતી. તેમનું એમ કહેવું હતું કે તેમને તો બસ સુંદર અને સુશીલ છોકરી જોઈએ બીજું કંઈ નહીં. તેમણે એમ પણ કહ્યું કે છોકરીવાળા રાજીખુશીથી જે આપશે તે અમે સહર્ષ સ્વીકારી લઈશું. ખરેખર કેવા મોટા લોકો હતા. અહંકાર તો જાણે સ્પર્શી શક્યો જ ન હોય. આજના જમાનામાં એવા ભલા લોકો ક્યાં મળે? આવા ઘરમાં સંબંધ થતાં શિલ્પાના માતાપિતા ખુબ ખુશ થયાં હતાં.

છોકરાવાળાઓની સમાજમાં ખુબ મોટી આબરુ હતી. અને તે આબરુને સાચવવાનું પણ તે લોકો સારી રીતે જાણતા હતા. બીજાની કિંમતે નહીં પોતાની ખુબની તાકાતથી, સંબંધની વાત શરુ થતાં જ તેમણે સંકેત આપી દીધેલો કે લગ્ન પહેલાં છોકરાની પસંદની ઈંપોટેડ ગાડી છોકરીવાળાઓને ઘેર પહોંચી જશે. તેમને ચિંતા કરવાની જરુર નથી. એ પોતે પણ શિલ્પાના માતા પિતા ખુશ હતાં કે તેમની દીકરીને ઈંપોટેડ ગાડી મળશે. નાતમાં દૂર દૂરના કોઈ સંબંધીઓમાં પણ કોઈની દીકરી ઈમ્પાર્ટેડ ગાડીમાં વિદાય થઈ હોય એવું બન્યું છે? શિલ્પાની માં તો બસ એ પ્રશ્નનો ઉત્તર શોધવામાં લાગી હતી અને તે સાથે છોકરાવાળાના વખાણ કરતાં થાકતી ન હતી. વાત પાકી થઈ ગયેલી પણ કોઈ ઔપચારીક વિધિ આજે પણ નહોતી. ફક્ત હીરાની એક મામુલી વીંટી છોકરીની આંગળીએ પહેરાવી દીધેલી. છોકરાવાળાઓનું એમ કહેવું હતું કે તેઓ કોઈ તૈયારી સાથે આવ્યા નહોતા. અને તેમને વિશ્વાસ ન હતો કે જોતાં જ છોકરી પસંદ આવી જશે અને આજે આ વાત પાક્કી થઈ જશે. વાત પાકી થતાં જ છોકરાવાળાએ સગાઈ માટે ફાર્મ હાઉસ બુક કરાવી દીધું.

છોકરીને જોવાનો કાર્યક્રમ એક વચેટીયાને ત્યાં થયેલો. જે બંને કુટુંબનો પરિચય હતો. સંબંધ નક્કી થાય બાદ બંને પાર્ટીઓ પોતપોતાને ઘેર જતી રહી. ઘેર આવતાં શિલ્પાની માનાં પગનો તો જમીન પર ટકતા નહોતા. તેને તો બસ એક જ કામ હતું. છોકરીવાળાના વખાણ કરવાનું. બાકીના લોકો પણ જાતજાતની વાતોમાં મશગુલ હતા. પણ શિલ્પા એ બધા વચ્ચે કંઈક જુદું જ વિચારતી હતી. શિલ્પા અંદરના રુમમાં એક નાના ખાટલા પર ચાદરથી મોં ઢાકીને સુંતી હતી. શિલ્પાની કાકીએ પુછ્યું કે શિલ્પાની માંએ કહ્યું કે તે અંદ સુતી છે. કદાચ થાકી ગઈ હશે.

કાકીએ જયારે અંદર જઈને પુછ્યું કે વાત શું છે તો શિલ્પાએ મોં ઢાંકેલું રાખીને જ કહ્યું કે માથું દુઃખે છે. કાકીએ શિલ્પાના મોં પરથી ચાદર હટાવતાં કહ્યું કે માથું દુઃખતું હોય તો બહાર હવામાં સુવાય, અહીં આટલી ગરમીમાં મોં ઢાંકીને શું કામ સુતી છે. પરંતુ કાકીએ જયાં શિલ્પાનો ચહેરો જોય ત્યાં તેના ચહેરાનો રંગ ઊડી ગયો. શિલ્પાનો ચહેરો અને ચાદર બંને આંસુથી ભિંજાયેલા હતા. કાકીને કંઈક અજુગતું બન્યાનો અણસાર આવ્યો. તેમના મનમાં જાત જાતનાં વિચારો આવવા લાગ્યા. તેમણે શિલ્પાને પુછવાની ઘણી કોશીશ કરી કે વાત શું છે. પણ શિલ્પાએ વારંવાર બર એ જ કહ્યું કે માથું બહું જ દુઃખે છે.

કાકીએ આખી વાત શિલ્પાની માં ને કરી ત્યારે તેણે એમ કહ્યું કે છોકરી માટે માબાપનું ઘર છોડવું સહેલું હોતું નથી. શિલ્પા એ વાતે દુઃખી હશે. કાકી એ શિલ્પાના કાકાને પણ આખી વાત કરી. કાકાએ કહ્યું કે શિલ્પાને પુછી જો કે છોકરો તેને પસંદ છે કે નહીં? તે બાબતે શિલ્પાની માં એ કહ્યું કે છોકરામાં શું ખોટ છે કે પસંદ ન આવે. અને પછી વચ્ચે અટકાવીને કહ્યું કે એકવાર શિલ્પાનો વિચાર શું છે તે જાણી લેવું જોઈએ. ત્યારે શિલ્પાની માંએ કહ્યું કે જો તેને છોકરો ગમતો ન હોત તો વાત પાકી થયા પહેલાં તેણે કહી દીધુંન હોત ? બધાં એ તે વાત સાચી માની લીધી. કાકા કાકી અને બીજા બહારથી આવેલાં સૌ સાંજે જતાં રહ્યાં.

બીજે દિવસે સાંજે શિલ્પાની નાની બહેન શ્રુતિએ ફોન કરી કાકીને કહ્યું કે શિલ્પાએ ગઈકાલથી કંઈ ખાધુંપીધું નથી. તે પછી ફોન શિલ્પાની માંએ લઈ લીધો અને શિલ્પાની કાકીને કહ્યું કે, 'છોકરી કંઈ ખાતી પીતી નથી. આ જગ્યાએ લગ્ન ન કરાવાની જીદ પકડી છે. આવું કંઈ હોય. કેવું સારું કુટુંબ છે. સંબંધ તોડી દઈશું તો લોકો હજાર જાતની વાતો કરશે.'

કાકા અને કાકી સીધાં શિલ્પાની પાસે ગયા. અને કાકાએ પુછ્યું, 'બેટા, શું વાત છે? તું જેમ કહીશ એમ જ કરીશું. પણ પહેલાં તું મને માંડીને વાત કર.' શિલ્પાએ કંઈ કહ્યું નહીં એટલે કાકાએ પુછ્યું, 'શું તને છોકરો ગમતો નથી?'

શિલ્પાની ધીરજનો બંધ જાણે કે તૂટી ગયો. તેણે કહ્યું, 'તમે જ કહો, શું એ છોકરો મારે લાયક છે? ચાલો ભણતર વગેરેનું જવા દો પણ સંસ્કાર તો હોવા જોઈએને! ન કોઈ વાતની જાણકારી કે ન કોઈ વાત કરવાનો ઢંગધડો. ગેંડા જેવું થોબડું અને ભેંસ જેવી અક્કલ, બધાંની સામે કહેતો હતો કે આજથી ભણવા ગણવાનું સાહિત્ય-બાહિત્ય બધું બંધ. શું એ દિવસો માટે મેં એમ. ફીલ કર્યું છે?' મમ્મી-પપ્પાનું રટણ છે કે મહિને લાખો રૂપિયાની આવક છે. ઈમ્પોટેડ ગાડીઓ છે. કદાચ પપ્પાના બિઝનેશમાં પણ મદદ કરી. પણ મને છોકરો ગમતો નથી. મમ્મી-પપ્પા ન માને તો ઠીક છે ત્યાં લગ્ન કરી નાંખો હું વિરોધ પણ નહીં કરું એટલું કહીને શિલ્પા ચૂપ થઈ ગઈ.

કાકાએ પોતાનો નિર્ણય જણાવી દીધો. 'તારી મરજી વિરુદ્ધ તારાં લગ્ન નહીં થાય.' મમ્મી-પપ્પાએ કાકાની વાતનો વિરોધ કર્યો. અને કહ્યું, કે લગ્ન એ કંઈ છોકરાની રમત નથી. કયાં મોં એ ના પાડીશું.

કાકાએ શિલ્પાને કહ્યું, 'સારું એમ કર પેલી કાલવાળી વીંટી કયાં છે મને આપ.' શિલ્પાએ વીંટી તરત કાકાને આપી દીધી. કાકાએ વીંટી લઈને જાહેર કર્યું 'જો કોઈ જવા તૈયાર ન હોય તો હું એકલો જાઉં છું. સંબંધ તોડવાની જાણ કરી તેમની વીંટી પાછી આપી આવીશ.' કાકા ચાલતા થયા એટલે શિલ્પાના પિતા પણ તેની સાથે જવા લાગ્યા પણ જાણે કે પોતાના અરમાનોની ચિતા સજાવતા જતા હોય એમ. છોકરાવાળાને ઘેર જઈ મોરચો કાકાએ સંભાળ્યો. તેમણે કહ્યું, 'ભાઈ, અમારી દીકરીનું મગજ ફરી ગયું છે. તે કહે છે કે મારે હમણાં લગ્ન નથી કરવાં. છોકરીની જીદનું અમને ખુબ દુઃખ છે અને તે માટે અમે તમારી ક્ષમા માંગીએ છીએ.' તે પછી ખિસ્સામાંથી વીંટી કાઢી તેમને આપી બંને ભાઈઓ પાછા આવતા રહ્યા. કાકાનો ચહેરો જોઈ શિલ્પાને અનુમાન લગાવી દીધું કે હવે તે ખુશ થઈ શકે તેમ છે. પપ્પાનો ચહેરો જોતાં લાગતું હતું કે તેમને ધંધામાં મોટી ખોટ થઈ છે અથવા મોટા ઉદ્યોગમાં ભાગીદાર થતાં થતાં રહી ગયા છે. શિલ્પાના ચહેરા પર સુરખી છવાઈ ગઈ. ઉદાસીનતાનાં વાદળો વિખરાવા લાગ્યા. જીવનમાં ઉજાસની સાથે સ્પંદન અને આત્મીયતાની સુગંધ આખા ઘરમાં પ્રસરી રહી.

# ડૉ.પ્રકાશ બાબા આમટે...!! આદિવાસીઓ વચ્ચેના સંઘર્ષપૂર્ણ સેવાકાર્યની વાત...!!




મહારાષ્ટ્રના એક અંતરિયાળ આદિવાસી વિસ્તારમાં એવો ઉજાસ ફેલાવ્યો છે, જેનો ઝગમગાટ પાવક, પ્રેરક અને પ્રોત્સાહક છે. ડૉ. પ્રકાશ આમટેના જીવન અને કાર્યને રજૂ કરતી ફિલ્મ'ડૉ. પ્રકાશ બાબા આમટે- ધ રિયલ હીરો' મરાઠી ઉપરાંત હિંદી અને અંગ્રેજીમાં પણ રિલીઝ થઈ છે. નાના પાટેકર અભિનીત આ ફિલ્મ સારી બની છે, પરંતુ અહીં આ ફિલ્મની નહીં, પણ એ નિમિત્તે ડૉ. પ્રકાશ આમટેના સાદગીભર્યા જીવન અને સંઘર્ષપૂર્ણ સેવાકાર્યની વાત કરવી છે.પદ્મશ્રી, પદ્મભૂષણ અને રેમન મેગસેસે જેવાં ખ્યાતિપ્રાપ્ત સન્માનો મેળવનારા મહારાષ્ટ્રના સમાજસેવક બાબા આમટે અને સાધના આમટેના ઘરે ૨૬ ડિસેમ્બર, ૧૯૪૮ના રોજ જન્મેલા ડૉ. પ્રકાશ આમટેને સમાજસેવા તો જાણે ડીએનએમાં જ મળી હતી. ડૉ. પ્રકાશ અને તેમના મોટા ભાઈ વિકાસ આમટેએ પિતાના સેવાના વારસાને માત્ર જાળવ્યો અને ઉજાળ્યો નથી, બલકે પોતાની આગલી પેઢીમાં આગળ પણ વધાર્યો છે. આજે આ બે ભાઈઓનાં ઉચ્ચ ડિગ્રીપ્રાપ્ત સંતાનો પણ સમાજસેવાના મિશનમાં સક્રિય છે. ડૉ. પ્રકાશ આમટે પદ્મશ્રી સન્માન ઉપરાંત પોતાનાં પત્ની ડૉ. મંદા સાથે એશિયાના નોબેલ પારિતોષિક ગણાતા રેમન મેગસેસે એવોર્ડથી પોંખાયા છે.

ધનવાન કુટુંબનો નબીરો એક દિવસ કુષ્ઠરોગીને જુએ છે અને તેના જીવનનું એ હદે પરિવર્તન થાય છે કે તે દૂર વેરાનમાં આવા કુષ્ઠરોગીઓ માટે આશ્રમ બનાવે છે "આનંદમય" કુષ્ઠરોગીઓના ઉપચાર અને પુનર્વસન માટે જીવન વિતાવી દેનાર એ ધનવાન નબીરો એટલે મુરલીધર એટલે બાબા આમ્ટે (ચિપકો આંદોલન કે નર્મદાબંધ વખતે પુનર્વસન મામલે લડનાર તરીકે ઘણાં તેઓને ઓળખે છે.) અત્યંત કષ્ટો વચ્ચે પોતાની પત્નિ અને કુટુંબીજનો, સાથીદારો અને સહ કાર્યકર્તાઓ સાથે મળી સેવાના નવા-નવા ક્ષેત્રો વિસ્તાર્યા અને આનંદવનને એવી પ્રતિષ્ઠા અપાવી કે એશિયાનો નોબેલ પુરસ્કાર ગણાતો મેગ્સેસે એવોર્ડ બાબા આમ્ટેને મળ્યો. સેવાના સંસ્કારોથી સિંચાયેલ તેમના પુત્ર ડૉ. પ્રકાશ આમ્ટેએ જંતુની જેમ જીવતાં આદિવાસીઓના જીવનને કેવી માનવતા, ગૌરવ અને મનુષ્યત્વ બક્ષ્યાં તે અંગનું પુસ્તક ડૉ. પ્રકાશ આમ્ટેએ લખ્યું "પ્રકાશની પગદંડીઓ " નામે તેનો અનુવાદ સંજય શ્રીપાદ ભાવેએ કર્યા છે.




એકજ કુટુંબમાં બે-બે વ્યકિતને અને તે પણ ટૂંકાગાળામાં મેગસેસે એવોર્ડ મળ્યા હોય તેનું વિરલ ઉદાહરણ છે બાબા આમ્ટે અને ડૉ. પ્રકાશ આમ્ટે. લોક બિરાદરી પ્રકલ્પ સ્થાપી હેમલકસા નામના આદિવાસી વિસ્તાર જેની અત્યંત વિષમ ભૌગોલિક, આર્થિક અને સામાજીક સ્થિતિમાં કામ કરનાર ડૉ. પ્રકાશના આ લોક બિરાદરી પ્રકલ્પ વિશે "પ્રકાશવાટા" નામનું મરાઠી પુસ્તક લખાયું છે જેની અત્યાર સુધીમાં વીસ આવૃતિઓ પ્રગટ થઈ ચૂકી છે. આ હેમલકસા આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રની સરહદે આવેલો આદિવાસી વિસ્તાર છે. જયાં ગાઢ જંગલો છે. જેમાં દિવસે પણ ઘોર અંધકાર છવાયેલો રહે છે ત્યાં માડિયા ગોંડ જનજાતિના આદિવાસીઓ છૂટાછવાયા ઝૂંપડામાં અર્ધનગ્ન હાલતમાં વસે છે ન રસ્તા, ન વાહનો સાવ વિખૂટો સૂખીભઠ ધરતીનો પ્રદેશ. આદિવાસીઓ અને સાપ, વીંછી, રીંછ તથા જંગલી પ્રાણીઓની વસ્તી, વીજળી કે પીવાલાયક પાણી ન મળે. આદિવાસીઓ ખેતી જાણે નહિ કે કરે નહિ. જે પ્રાણી કે જીવજંતી મળે તે ખાય. કીડીઓની ચટણી પણ ખાય આવા વિસ્તારમાં ડૉ. પ્રકાશ બાબાના સપનાને પુરૂ કરવા સેવા કરવા આવ્યાં. બાબાના આનંદવનથી અઢીસો કિલોમીટર દૂર સાઠ કિલોમીટર તો જંગલમાં કોઇ જાતના રસ્તા વિના કેડીઓ અને નદી-નાળા પાર કરતા પહોચવાનું. બાબા અને તેમના પત્નિ સાધનાતાઈ પુત્ર વિકાસની મદદથી મહામેહનતે જીવન જરૂરિયાતની ચીજો પહોંચાડે અને ડૉ. પ્રકાશ તેમના પત્નિ મંદા અને સાથીદારોની મદદથી આ અભિયાન ચલાવે. આદિવાસીઓનો વિશ્વાસ જીતી તેમને દવા લેતાં કર્યા. એનેસ્થેશિયા વિના ઓપરેશન કર્યા. લાઈટ વિના સારવાર અને ઓપરેશનો કર્યા. અત્યંત કઠિનતાઓ બાદ આજે ડૉ. બાર્થિલની એ ડૉ. પ્રકાશ અને મંદાનું કામ આફ્રિકામાં કામ કરતાં નોબલ વિજેતા ડૉ. સ્વાઈટ્ઝર જેવું ગણાવ્યું છે.

૨૦૦૮માં ડૉ. પ્રકાશ અને મંદાના કામને મેગસેસ એવોર્ડથી નવાજવામાં આવ્યું ત્યારે અખબારો દ્વારા ભારતના ખૂણે-ખાંચરે આવા મૂક સેવકો વિરલ કામ કરે છે તેવુ આપણને જાણવા મળ્યું. ડૉ. પ્રકાશે સ્વીકારેલા અઘરા માર્ગે ચાલવું એ પત્નિ તરીકે ડૉ. મંદાના ભાગે સામાજીક શરતે આવ્યું એમ નથી. લગ્ન પૂર્વે હેમલકસાના કામની પૂરી જાણ સાથે જ ઘરસંસાર સાથે સેવાકાર્યની આ મહાન જવાબદારી સંભાળી અને હૃદયપૂર્વક નિભાવી. આ અંગેના તેમના દૃષ્ટિબંદુ વિશે મેગ્સેસે સન્માન પ્રસંગે કરેલું અંગ્રજી ભાષણનો અનુવાદ પુસ્તકમાં છે તે પરથી જાણી શકાય છે.

ડૉ. પ્રકાશ લખે છે કે ખૂબ ધનવાન કુટુંબના વૈભવી શોખ ધરાવનાર બાબા ગાંધીજીના વિચારો સાંભળી બદલાયેલા ગરીબ અને અસ્પૃશ્ય ગણાયેલાં લોકો સાથે રહી બધી જાતના કામ કર્યા. બા સાધનાતાઈ મરજાદી કુટુંબના સનાતની કર્મકાંડ આચરનાર ઘરની દીકરી હોવા છતાં બાબા સાથે લગ્ન બાદ મુશ્કેલીઓ બાદ પણ જોડાયાં. બાબાને તેમના સમાજે તરછોડયાં. કુષ્ઠરોગીઓની સારવાર માટેનું શિક્ષણ કોલકાતાથી મેળવી કુષ્ઠરોગીઓની સેવા અને પુનર્વસનનું કામ સમાજથી દૂર વેરાન જગ્યામાં 'આનંદવન' નામે શરૂ કર્યુ. જેનાથી તેના રહ્યા સહ્યા સંબંધીઓએ પણ તેમનો બહિષ્કાર કર્યો.પરિણામે ડૉ. પ્રકાશ અને વિકાસ બન્નેનું બાળપણ એકલવાયું વીત્યું. પૈસાની ખેંચને કારણે બધુ કામ જાતે કરતાં જ થયાં. તેને રહેવાલાયક બનાવતાં પારાવાર કષ્ટ પડાયાં, માટીની ઝૂંપડી પવન ફૂંકાય તોય પોપડાં પડે. ૧૯૫૫-૫૬ની સાલમાં બે શિબિરમાં આનંદવનનું કામ જોવા બાવીસ દેશોમાંથી કાર્યકર્તા આવ્યાં તેમણે પાંકા રહેઠાણ બનાવી આપ્યાં. પૈસાના અભાવે બિસ્કિટ જેવી સાદા મોજશોખની વસ્તુય એમને અપાવી નથી શકતા એવું તાઈને બહુ દુઃખ થતું પરંતુ અમને તો જંગલ બહારની ખબર જ ન હતી એટલે એવું કયારેય લાગતું નહિં. આનંદવનમાં શાળા ન હોવાને કારણે અમારૂ શરૂઆતનું શિક્ષણ બહાર થયું પરંતુ કુષ્ઠરોગીના સંતાનોને કોણ શિક્ષણ આપે એ વિચારથી બાબાએ શિક્ષણની સગવડ ઊભી અને શાળાને બદલે સીધી કોલેજ જ શરૂ થઈ. **(અપૂર્ણ)**